| PUBLICATION NAME : | Sandesh (City Life) |
|---|---|
| EDITION: | Ahmedabad |
| DATE : | 18/05/2023 |
| PAGE NO | 1 |

# વિદ્યાર્થીઓ પ્રોબ્લેમ સોલ્વિંગ અને લીડરશિપ જેવી લાઇફ સ્કિલ શિખ્યા

## EDIIના આંત્રપ્રિન્યોરલ સ્ટીમ્યુલેશનના કેમ્પ અને એડવેન્ચર્સ કેમ્પમાં ૧૧ રાજ્યોના ૧૪૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

। સિટી લાઇફ । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) અમદાવાદ દ્વારા આયોજિત ૪૦મા આંત્રપ્રિન્યોરલ સ્ટીમ્યુલેશનના કેમ્પ અને આંત્રપ્રિન્યોરલ એડવેન્ચર્સના ૪૩મા કેમ્પમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, કેરળ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, હરિયાણા, પંજાબ અને ઓડિશાના ૧૪૨ બાળકો અને યુવાનોએ ભાગ લીધો હતો. ૧૨-૧૬ વર્ષના ૭૯ વિદ્યાર્થીઓએ લાઈફ સ્કિલ શિખી જેમાં પ્રોબ્લેમ સોલ્વિંગ, ઈનોવેશન, ટીમ સ્પિરિટ, અડેપ્ટેબ્લિટી અને લીડરશિપ સ્કિલ શિખવવામાં આવી હતી. આ ઉપરાંત પાંચ દિવસના રેસિડેન્સિયલ કેમ્પમાં મેન્ટલ જીમ, મોટિવેશન એક્સરસાઈઝ, પઝલ્સ, વેલ્યુ એજ્યુકેશન, ઈન્ડસ્ટ્રી વિઝિટ, વિચારોની રજૂઆત જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી.આગામી સમયમાં બાળકો માટેનો આંત્રપ્રિન્યોરિયલ સ્ટીમ્યુલેશન વિષય પર પાંચ દિવસીય ૪૧મો શિબિર ૨૭મી મે, ૨૦૨૩ના રોજ શરૂ થશે.



### બાળકોને વિચારો અને સર્જનાત્મકતાનો પ્રયોગ કરવાની તક મળવી જોઇએ

હાલમાં ૧૬ થી ૨૨ વર્ષની વયજૂથના ૬૩ યુવાનો સાથે ઉદ્યમી સાહસો પર ૪૩મો કેમ્પ ચાલી રહ્યો છે. આ અંગે વાત કરતા EDIIના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાએ કહ્યું કે, બાળકોના સર્વાંગી વિકાસ માટે તેમને જએવાં વાતાવરણની જરૂર હોય છે કે જેમાં તેઓ તેમના વિચારો, ઈરાદાઓ અને સર્જનાત્મકતા સાથે પ્રયોગ કરવાની તક મળે. છેલ્લા ત્રણ દાયકાઓથી EDII બાળકો અને યુવાનોમાં રાષ્ટ્રીય સમર કેમ્પ દ્વારા તેમનામાં સફળતાની દિશાનું બીજારોપણ કરે છે.